Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પોષ મહા

પુસ્તક ૮૦ મું
અંક ૩-૪
૨૫ ડીસેમ્બર

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૩



સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજી
જેમની ઓગણીસમી પુણ્યતિથિ પોષ શુદિ અગિયારસના રોજ ઉજવવામાં આવી હતી.

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૦ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


૧ કાયાનું કલ્યાણ .... ('સુધાકર' સુરેશકુમાર કે. શાહ–ભાવનગર) ૨૫

૨ શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક–૫૫ .... .... (સ્વ. મૌક્તિક) ૨૬

૩ પૂર્ણતા કેવી હોય? .... .... (બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') ૨૯

૪ હરિભદ્રીય ષડ્દર્શન સમુચ્ચયના આદ્યપદ્યનો પરામર્શ .... .... (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) ૩૨

૫ समाचारी अध्ययनके दीपीका नामक अज्ञात बालावबोधमय टीका ... (अगरचंद नाहटा) ૩૪

૬ જિન દર્શનની તૃષા .... .... (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) ૩૬

૭ સમાલોચના .... .... .... .... ટાઈટલ પેજ ૪


## પૂજા ભણાવવામાં આવી

સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીની ઓગણીસમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને ગુરૂવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

## આવતો અંક

હવે પછીનો ફાગણ માસનો અંક તા. ૧૫ મી ફેબ્રુઆરીએ બહાર પડશે.

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે સં. ૨૦૧૯ નું લવાજમ લેણું થયેલ છે, અને ૨૦૨૦ નું લવાજમ ચડતર થવા લાગ્યું છે, એટલે આપ રૂ. ૬–૫૦ અંકે છ રૂપીયા પચાસ ન.પૈ. મનીઓર્ડરથી મોકલી આપવા કૃપા કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું અંક ૩-૪ | પોષ-મહા | વીર સં. ૨૪૯૦ વિક્રમ સં. ૨૦૨૦


## કાયાનું કલ્યાણ

ભાવે ભજી લે ભગવાન, રે મનવા;
ભાવે ભજી લે ભગવાન.

સુખ દુઃખનાં રંગ જોયા, જીવનનાં જંગ જોયા,
સ્વાર્થી સંસારનાં આ, સ્વાર્થ તણાં સંગ જોયા;
હવે ધરી લે પ્રભુનું તું ધ્યાન,
રે મનવા, ભાવે ભજી લે ભગવાન.

સત્ય-અહિંસા ને વળી, શાંતીનો સાથી બની,
ધર્મનાં કાજે વીરા, વીરનો સંગાથી બની;
હવે છોડી દે તું જીવન-સંગ્રામ,
રે મનવા, ભાવે ભજી લે ભગવાન.

હૈયામાં હોંશ ભરી, મુક્તિની આશ ધરી,
ભક્તિની સાથ સાથ, ભાવનાના રંગ ભરી;
હવે પામી લે આત્માનું જ્ઞાન,
રે મનવા, ભાવે ભજી લે ભગવાન.

મોહ અને માયા છોડી, સુખ દુઃખના સાથ છોડી,
આશા-નિરાશા ને વળી, અંતરનાં રાગ છોડી;
હવે કરી લે કાયાનું કલ્યાણ,
રે મનવા, ભાવે ભજી લે ભગવાન.

ભાવે ભજી લે ભગવાન, રે મનવા;
ભાવે ભજી લે ભગવાન.

"સુધાકર"
સુરેશકુમાર કે. શાહ,-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૫૫

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

**પાંચમા** અધિકારમાં ચાર શરણ કરવા. अरिहंत शरणं, सिद्ध शरणं, साहु शरणं, धम्मं शरणं. આ ચાર શરણનો આધાર લેવો. લડાઈમાં ત્રાસેલ પ્રાણી બળવાનનું શરણ કરે, દાવાનળથી ત્રાસેલ જનાવર સૂકી જગ્યાનો આશ્રય કરે, ભરદરિયે રખડી પડેલો હોડી કે લાકડાનું શરણ શોધે, જંગલમાં ભૂલો પડેલો ભોમિયાનો આધાર લે, તેમ સંસારની આધિવ્યાધિ ઉપાધિથી મુંઝાયલો ત્રાસેલો જીવ આ ચાર શરણનો આશ્રય લે, ત્યાં પોતાનો બચાવ થશે એમ ધારે અને ખાડામાં પડતાં બચાવનાર કે ઢંગધડા વગરની રખડપાટીમાંથી બચાવનાર આ ચાર શરણો છે એમ સ્વીકારી લે જન્મ જરા મરણથી કલુષિત થયેલા આ અસાર સંસારમાં પ્રાણી કરેલ કર્મ ભોગવે છે, એમાં કોઇ કોઇને મદદ કરી શકતું નથી, કોઈ કોઇને ટેકો આપી શકતું નથી. આવા સ્વાર્થભરપૂર કકળાટિયા સંસારમાં આધાર હોય તો ચારનો છે, બાકી પોતે પોતાનાં કરેલાં ભોગવવાનાં છે. એ ચાર શરણ આ રહ્યાં: પાંચ જ્ઞાનના ધણી, આશ્ચર્યકારક અતિશયના કરનાર, પોતાના સદ્દર્શન અને સદુપદેશથી જગતને મોક્ષમાર્ગ બતાવનાર, અનેક પ્રાણી–સર્વ જીવો કર્મોથી મૂકાય તેવી નિરંતર ભાવના ધરનારા, જનતા પર મોટો ઉપકાર કરનાર, સાર્થવાહ (સાથ આપનાર), નિર્યામક (પાણીમાંથી તારનાર કેપ્ટન), મહાગોપ (જનાવરના ટોળાને દોરનાર) અને મહામાહણ (અહિંસાનો સંદેશો ફેલાવનાર) આ મહા પ્રતાપી મહા ઉપકારી મહા તેજસ્વી, મહા ત્યાગી અરિહંતોનું મને શરણ હો (પ્રથમ શરણ) અને સંસારનો, પર ભાવનો સર્વ સંબંધ હંમેશાને માટે દૂર કરી, કર્મથી મુક્ત થઈ, પોતાનું સાધ્ય સાધી ગયેલા, આત્માના સ્વાભાવિક અનંત સુખમાં રમણ કરનારા, જન્મ જરા મરણથી રહિત બનેલા, વ્યાધિ બાધા પીડાથી રહિત થયેલા આદર્શરૂપ સિદ્ધોનું મને શરણ હો. (દ્વિતીય શરણ). પાંચ સમિતિ ત્રણ ગુપ્તિને ધારણ કરનાર, બેંતાલીશ દોષ રહિત આહાર લેનાર, પગરખાં વગર ઉઘાડે પગે ચાલનાર, મનના હલનચલન વગર બાવીશ પરીષહો પર વિજય કરનાર, ભાવના ભાવનાર, સત્તર પ્રકારના સંયમના આરાધક, નિરંતર ગરમ જળ પીનાર, કામદેવ પર વિજય મેળવનાર, પાંચ મહાવ્રતને પાળનાર, શત્રુ કે મિત્ર પર સમભાવ રાખનાર, અવિચળ પ્રતિજ્ઞા પાળનાર, ધીર, વીર, સંસારના સંસર્ગથી દૂર રહેનાર સાધુ-મહાત્માઓનું મને શરણ હો (ત્રીજું શરણું). અને સંપૂર્ણ (કેવળ) જ્ઞાનના ધણીએ બતાવેલ, સર્વ જીવને હિત કરનાર, દુર્ગતિમાં પડનાર જીવોને બચાવનાર, અનેક પ્રકારના કરોડો કલ્યાણની પરંપરાને નીપજાવનાર, અનર્થ પરંપરાને દળી નાખનાર, અનેક જીવોને અવલંબન આપનાર, સંસાર અટવીનું ઉલ્લંઘન કરાવવા સમર્થ ભાઇ જેવા ધર્મનું મને શરણ હો (ચોથું શરણ). કોઇ મોટા–નાનાનાં શરણની આશા રાખ્યા વગર આ ચાર શરણનો હું આશ્રય શોધું છું, એના પર મારી જીંદગી કુરબાન કરી દઉં છું અને એના આધાર પર મારો આખો જીવનનો ઝોક અવલંબાવી આગળની આશા બાંધું છું. આ ચાર શરણનો ચોથો અધિકાર નંદનમુનિએ બરાબર કર્યો અને તેમાં પોતાનો જીવ બરાબર પરોવી રાખ્યો.

**છઠ્ઠા** અધિકારમાં **દુષ્કૃતનિંદાની** વાત આવે છે. અજ્ઞાનને કારણે, મોહના જોરે મેં જે કાંઇ દુષ્કૃત્ય કર્યું હોય તે સર્વની આ અંત વખતે હું અંતરથી નિંદા કરું છું. મેં હવે તો અરિહંતાદિ ચારનું શરણું કર્યું છે, મારું મન સંસારથી નિર્વેદ પામ્યું છે અને મને અત્યારે મારો સાચો માર્ગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાફ સાફ દેખાય છે તે વખતે થઇ ગયેલ ભૂલો અને સ્ખલનાઓ માટે આત્મસાક્ષીએ નિંદા કરૂં છું. આત્મસ્વરૂપ સમજ્યા જાણ્યા વગર મિથ્યાત્વને આધીન રહી અનાત્મધર્મને આત્મધર્મ માની અનેક સ્ખલનાઓ કરી હોય, બીજાને ઉપદેશી હોય અને સમજ્યા વગર ખોટામાર્ગના સાચા ખોટા બચાવ કર્યા હોય, સાચા મોક્ષમાર્ગનું આચ્છાદન કર્યું હોય, તેને ઢાંકી દીધો હોય, મારી જાતને કે અન્યને એવા ખોટા રસ્તાના સ્વીકાર કે ઉપદેશને લઇને અવિરતિને માર્ગે ઘસડેલ હોય, અથવા અનેક જીવોનો નાશ કરે તેવાં હથિયારો મેં વસાવ્યાં હોય, મોટા યંત્રોથી જીવ વધની ચક્કીઓ ખડી કરી દીધી હોય, એવા અનેક પાપનાં ઉપકરણો ભવોભવમાં મૂકીને અહીં આવ્યો હોઉં, છતાં મારા નામે કે મારે હિસાબે હજુ તેનાંથી આરંભસમારંભ કે અન્ય પાપકર્મો ચાલુ રહ્યાં હોય તે સર્વને માટે હું નિંદા ગર્હા કરૂં છું, તે માટે ખેદ કરૂં છું, એવા ન લેવા જેવા માર્ગે જવા માટે ખેદ દર્શાવું છું અને આત્મ-સાક્ષીએ એ માટે દિલગીરી બતાવું છું. અનેક ભવોમાં માબાપ સ્ત્રી પુત્રાદિકની પોષણા કરી હોય, તેમનો સંસાર વધારવામાં સહાય કરી હોય, સંસારને અનેક પ્રકારે પોષ્યો વધાર્યો કે વધેતો કર્યો હોય અને મારા કાર્યને પરિણામે કે મારી પ્રેરણાથી હજુ પણ મારે નિમિત્તે પાપ ચાલુ રહ્યાં હોય તે સર્વ માટે ખેદ દર્શાવું છું, તેની સાથેના મારા સંબંધ માટે દિલગીરી દાખવું છું અને એની સાથેનો સંબંધ વોસરાવું છું. આ દુષ્કૃત નિંદામાં અનેક પ્રકારનાં કરેલાં દુષણોનો સમાવેશ થાય, તેને યાદ કરી કરીને ખમાવવાં અને અતીત કાળનાં કે યાદ ન આવે તેવાં દૂષણોને માટે સમુચ્ચય નિંદા ગર્હા કરવી એ અરિહંતાદિને શરણે જનાર સુકૃતિજનનું કર્તવ્ય થઇ પડે છે. આવી રીતે છઠ્ઠા દ્વારમાં પોતે કરેલાં, પોતાથી થઇ ગયેલાં દુષ્કૃત્યોની યાદ કરી કરીને નિંદા કરવાની વાત નંદનમુનિએ ખૂબ ઉપયોગ રાખી કરી. તે ભવના નાનાંમોટાં કૃત્યો યાદ કરીને અને પૂર્વભવનાં કૃત્યો માટે સામાન્ય સમુચ્ચયે નિંદારૂપે એણે તજ્યાં, એના પર પડદા પાડ્યા એને માટે ખેદ દર્શાવ્યો અને એની સાથેનો પોતાનો સંબંધ કાપી નાખ્યો.

**સાતમા દ્વારમાં સુકૃત અનુમોદનાનો** સમાવેશ થાય છે. છઠ્ઠા દ્વારમાં દુષ્કૃત્યો માટે નિંદા કરી, એનાથી ઊલટું આ સાતમા દ્વારમાં સુકૃત્યોની અનુમોદના કરવાની હકીકત આવે છે. સારાં કૃત્યો કર્યાં હોય તેની અભિમાનપૂર્વક અન્ય સાથે વાત કરવી એ ત્યાજ્ય હકીકત છે, પણ પોતાથી સારૂં કામ થયું એમ યાદ કરી છાતી પર હાથ મૂકવો એ કર્તવ્ય છે. એમાં અભિમાનનું પોષણ નથી, પણ કરેલ કામ કે બજાવેલ ફરજ માટેનો અંતરનો આનંદ છે જે દિવસે મેં જનતાનાં દુઃખ દર્દો ઓછાં કરવા કામ કર્યું હોય, જે દિવસે મેં માંદાની માવજત કરી હોય, જે દિવસે અજ્ઞાન દૂર કરનાર કેળવણીનાં સત્રો કે સહાયક સંસ્થાની સેવા બજાવી હોય, જે દિવસ જનહિતકારી ઠરાવો માટે યોગ્ય સંસ્થામાં મુદ્દા ઉઠાવ્યા હોય, જે દિવસે દુકાળ, ધરતીકંપ, જળપ્રલયને અંગે દુઃખ પામેલ ત્રાસેલ જનતાની સેવા કરી હોય, ભય ત્રાસ કે સંહાર વખતે માંદાની માવજત કરી હોય તે મારા દિવસ ધન્ય છે, તે મારાં કાર્યો માટે મને અંદરનો આનંદ થાય છે. અનુકંપા દાન દીધાં હોય, રાહત કાર્યોમાં ફાળા આપ્યા હોય, એના પ્રચાર માટે તકલીફ લીધી હોય, જનહિતકારી સમાજ સુખ સૌષ્ઠવ કે સુખાકારી કરનાર સંસ્થાઓને મદદ સેવા કે સહાય કરી હોય તે મારો અવસર ધન્ય છે. દાન શિયળ તપ ભાવને અંગે મેં યથાશક્તિ ઉદ્યમ કર્યો હોય, જનતાને સહાય આપી હોય, સમ્યગ્ જ્ઞાનના વધારાને અંગે ધર્મભાવનાની વૃદ્ધિને અંગે કે ચારિત્ર વર્તનના રાહને અંગે પ્રચાર ભાષણ મુદ્રણ સેવા-એવાં કોઈ પણ કાર્ય મારાથી બન્યા હોય, તે માટે મને આનંદ થાય છે. મંદિર, મૂર્તિ કે જ્ઞાનોપકરણ તથા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાનાં સાત ક્ષેત્રને અંગે અથવા તેમાંના કોઇને અંગે મારા દ્રવ્યનો વ્યય કર્યો હોય કે મારી શક્તિ આવડત કે બુદ્ધિનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગ કર્યો હોય તેની હું પ્રશંસા કરું છું. અથવા પોતે મોટી તપસ્યા કરી હોય, સંઘ સેવા કરી હોય, યાત્રાઓ કરી હોય, આવશ્યક ક્રિયાઓ કરી હોય, મહાપૂજા કરી હોય, મોટાં ઉપયોગી પરંપરા પોષક અને પ્રાગતિક સમાજોદ્ધારનાં કામ કર્યાં હોય, જ્ઞાનના સરસ પુસ્તકો લખ્યાં લખાવ્યાં કે પ્રચાર્યાં હોય તે પ્રત્યેક કાર્ય માટે હું સંભારી સંભારીને અનુમોદના કરું છું. આ તો સામાન્ય વાત થઈ, પોતાનાં પ્રત્યેક કાર્ય યાદ કરી તેમાં જે જે સારાં કામો થઈ શક્યાં હોય તેની એક ફીલમ આંતર ચક્ષુ સમક્ષ ચાલુ કરી દેવી, પોતે સામાયકમાં બેસી ધ્યાન કર્યાં હોય, પુસ્તકો વાંચ્યાં હોય, લેખો લખ્યા હોય તે યાદ કરી જવા, વગર અભિમાને એ કર્તવ્યકરણ માટે મનમાં આનંદ પામવો અને એટલા પૂરતી પોતાના જીવનની સફળતા થઈ છે એમ માની તે વાતનો આત્મસંતોષ રાખવો. સાતમા અધિકારમાં સારાં કૃત્યોને યાદ કરવાનાં છે અને યાદ કરી એમાં રસ લેવાનો છે. એમાં અભિમાન મગરૂબી કે ગૌરવની વાત ન હોવી જોઇએ. આ સાતમું દ્વાર ખૂબ આનંદ આપે તેવું છે અને તેમાં પોતાના વિકાસ પ્રમાણે અને યાદશક્તિની તીવ્રતા પ્રમાણે અનેક નાની-મોટી વાતો આવી શકે તેમ છે.

**આઠમા** અધિકારમાં **શુભભાવના** ભાવવાની છે. આ દુનિયામાં પ્રાણીને સુખ દુઃખનું કારણ પારકું કોઈ નથી. પોતાનું કોઇ બગાડી શકતું નથી કે કોઇ સુધારી શકતું નથી પોતે જે કર્મો કર્યાં હોય તે ભોગવવાં પડે છે. સારાં કર્મો હોય તે સારું ફળ આપે, ખરાબ કર્મો કર્યાં હોય તે દુઃખનો અનુભવ કરાવે. પોતાનાં કપાળમાં લખેલ હોય તેમાંથી કોઇ એક પાઇ પણ લઈ શકતું નથી કે ઓછી કરી કરાવી શકતું નથી અને લેણાદેવી ઊતરે કે ઓછી થાય ત્યારે દોકડા પૈકે ચાલ્યું જાય છે. એમાં સગો ભાઇ કે બાપ મદદ કરી શકતા નથી અને હાડી દુસ્મન નુકસાન કરી શકતો નથી. કર્મોનાં ફળ શાંતિપૂર્વક ભોગવવાથી નવીન કર્મબંધ થતો નથી, બાકી રડીને કકળીને માથાં પછાડીને પણ કર્મો તો ભોગવવાં જ પડે છે એનો લાભ લેનાર ભોગવતી વખતે કાંઇ મદદ કરી શકતો નથી. અપ્રમાણિકપણે એકઠાં કરેલ ધનને ખાવા અનેક મળે છે, એમાં ભાગ પડાવવા ટંટા લડાઈ કોરટ દરબાર ચઢે છે, પણ એનાં ફળ ભોગવવા વખતે કોઇ બાજુએ ઊભું રહેતું નથી. કર્મો ભોગવ્યાં વગર મોક્ષ થતો નથી અને શાંતિથી વેદતાં નવાં કર્મો બંધાતાં નથી. નારકીનાં દુઃખો પાસે અહીં ભોગવેલાં કે ભોગવાતાં દુઃખો વિસાત વગરનાં છે. તાવ પિત્ત ઉકળાટ ઉધરસ વગેરે જે કાંઇ વ્યાધિઓ થાય તે સમતાવડે સહન કરવાથી તેનો બોજો હળવો થઇ જાય છે અને નવીન કર્મબંધના અલ્પ ભાવ કે અભાવને કારણે આગામી સુખ થાય છે, આ શુભ ભાવના વગર કોઈ પણ કાર્ય નિષ્ફળ છે, નકામાં છે, પરિણામ વગરનાં છે. સમતા વગર પ્રાણી ધર્મનાં ગમે તેટલાં કામો કરે તે છાર ઉપર લીંપણ સમાન છે, માટે સમતાને પ્રાધાન્ય આપવું. ભૂમિકા સાફ અને સ્વચ્છ કર્યા વગર ચિત્રામણ થતું નથી, ભાત ખીલતી નથી, આકર્ષકતા આવતી નથી. આવી રીતે ભાવના ભાવવી, ચેતનરાજને બહલાવવો અને અંદરનાને ઓળખવો, એ ખરો રાજા છે એમ ધરવું અને એની ફરતી રાજસભા ગોઠવવી કે એને કેંદ્રમાં રાખી એની ફરતા રાસડાં લેવા એ શુભ ભાવનાનો વિષય છે. ભાવના ભાવતાં વિચારશુદ્ધિ થાય છે અને વિચારશુદ્ધિ થતાં આગળનો પંથ સ્પષ્ટ પ્રકાશમય અને ચાલવા યોગ્ય બને છે. પ્રાણી ભાવનાને લઇને તો ગમે તેટલો આગળ વધી શકે છે અને ભાવના ભાવતાં ભાવતાં તો કૈવલ્યપ્રાપ્તિ પણ કરી શકે છે. આ ભાવના ઢોંગી તરીકે નહિ, પણ સમજણથી, વિશાળતાથી, આદરથી, ભાવવી એ આઠમું દ્વાર થયું. આ દ્વારમાં ભાવના ભાવવા સાથે અંદરના ભાવ ખૂબ ઉંચા અને સરસ રાખવાની વાત છે. ભાવ વગરના દાન કે તપ લૂણ વગરના ભોજન જેવાં ફીક્કાં છે, ભાવરૂપ લૂણ ( મીઠું ) મળતાં પ્રાણીનાં કર્મો તૂટી જાય છે, ખપી જાય છે, આત્માથી દૂર થઈ જાય છે. માટે ભાવને સારી રીતે ભાવવો અને ભાવપૂર્વક ક્રિયા કરવી. આ વાત મનમાં લાવવી અને અનિત્યાદિ ભાવના ભાવી ચેતનરાજને બરાબર ઓળખવો એ અંત આરાધનામાં આઠમો મહત્વનો વિષય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂર્ણતા કેવી હોય ?

લેખક : 'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ, માલેગામ

આપણે જોઇએ છીએ કે, જગતમાં બધા જ લોકો આપણે અધુરા છીએ એમ માને છે. એક ભીખારી કહે છે કે, લોકોની ધર્મભાવના જતી રહી છે. લોકો સ્વાર્થી થઇ ગયા છે તેથી કોઈ ભીખ પણ આપતું નથી. એક મજુર કહે છે કે, આખો દિવસ મર મર મરવા છતાં પેટ પુરતું પણ મળતું નથી. ફેરીઓ કહે છે કે, શું કરીએ ? હરીફાઇ ઘણી વધી ગઇ છે, માંડ માંડ ખરચ પુરૂ થતું નથી. મુનીમ કહે છે, શેઠ તો મોટરોમાં ફરે છે. અમારી તરફ જોવાની ફુરસદ ક્યાં છે એમને ? સામાન્ય વેપારી કહે છે, શું કરીએ, આખો દિવસ કામ કરીએ છતાં દુકાનનું, નોકરોનું અને ઘરનું ખરચ નભાવવું એ મોટી મુશ્કેલીનો પ્રશ્ન થઈ પડેલો છે. કોઇ સરકારી નોકરને પુછીએ કે ભાઇ સાહેબ, આપનો પગાર કેટલો છે ? તેનો જવાબ આપવાના એ અખાડા કરે છે. એ મનમાં સમજે છે કે, મારી લાયકાત મોટી છે, છતાં મને ટુંકા પગાર ઉપર રખ‌વું પડે છે. આમ બધાઓ જ મનમાં અસંતુષ્ટ રહે છે. બંગલામાં રહેનારા સંતુષ્ટ અને ખુશીમાં રહેતા હશે એમ આપણે માનતા હોઇએ તો તે પણ સાચું નથી. આમ બધાઓ જ પોતે મોટા છતાં હલકી સ્થિતિમાં સબડી રહ્યા છે એમ માને છે. એમને હજુ પૂર્ણતા મળી નથી. અને સમાધાન થયું નથી એમ લાગે છે. અને એ રીતે પૂર્ણતા મેળવવા પ્રયત્નો કર્યા કરે છે. પણ જેમ જેમ એ પ્રયત્ન કરે છે તેમ તેમ પૂર્ણતા તો લાંબી ને લાંબી જતી રહે છે. આનું કારણ શું છે તેનો આપણે વિચાર કરીએ.

સુખની તો ભીખ માગતા ફરે છે. અને સુખ ભીખ માગે મળે એવી વસ્તુ નથી. સુખ તો આત્માની સાથે નિગડિત થયેલું છે. અને એ કાંઈ બીજા પાસેથી મેળવવા જેવી વસ્તુ નથી. સુખ તો માન્યતામાં છે. વસ્તુમાં નથી. પ્રાપ્ત સ્થિતિમાં જો કોઇ સુખેથી યુક્તિપૂર્વક પોતાનું કર્ત્તવ્ય કરતો રહે તો દરેક માણસ સુખી થઇ જાય. પણ તેમ થતું નથી. એનું કારણ એ છે કે, એને પારકી વસ્તુઓ ઉપર મોહ હોય છે. અને એ મળતાં આપણને પૂર્ણતા મળશે એવી ખોટી કલ્પના થઈ ગયેલી હોય છે. એમ જો સમજ આવી જાય કે, પારકા દ્રવ્યથી આપણી પૂર્ણતા થશે અગર આપણે સુખી થઇશું એ ભ્રમણા છે. વાસ્તવિક તો આત્મિક વસ્તુઓ જે પોતાની છે અને એ આત્માની સાથે જ રહેવાની છે એવી વસ્તુઓ જ આપણને સુખ આપનારી હોઈ શકે તો પારકી વસ્તુઓની આશામાં ને આશામાં શા માટે સુખ માની તેને દૂર કરતા જઇએ ?

પારકી વસ્તુ કેવી હોય છે ? એના જવાબમાં કહેવું પડશે કે, એ તો પારકી વસ્તુ છે. અને એ નિરંતર પારકી જ રહેવાની છે. પરોણાથી કાંઇ ઘર વસતું હશે ? પારકી વસ્તુ તો પાછી તેના માલેકને સોંપી દેવી પડશે. આપણે ખુશીથી પાછી કરીશું અગર એને ઘડીભર માટે પણ આપણી નહીં માનીએ તો જ સારૂં. નહીં તો તેનો માલેક આપની પાસેથી તે છીનવી લેવાનો છે, એ ધ્યાનમાં રાખવું જોઇએ.

આપણે ત્યાં લગ્ન જેવો કાર્યપ્રસંગ હોય ત્યારે અનેક વસ્તુઓ આપણે પારકા લોકો પાસેથી માગી લાવીએ છીએ. જાજમ, ગાલીચા અને તળાઇઓ, વાસણ અને અલંકાર; તાત્કાલિક શોભા આપનારી વસ્તુઓ, એવી એવી તો અનેક પારકી માગી લાવેલી વસ્તુઓ વાપરી આપણા કાર્યની શોભા કરી બતાવીએ છીએ. અને તે સમય માટે તો તે વસ્તુઓ આપણી તરીકે જ આપણે માની લઇ તેનો ઉપયોગ કરીએ છીએ. પણ આખરે આપણને એ ધ્યાનમાં રાખવુ પડે છે કે એ વસ્તુઓ પારકાની છે અને પાછી કરવાની છે. ઘડીભર માટે તે આપણી કહી, તેથી તે આપણી થઈ જતી નથી. એવી સાવચેતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખીએ તો જ કાર્ય નભે. અને આપણે આળસથી કે બેદરકારીથી એ વસ્તુઓ પાછી કરવાનું ભૂલી જઇએ તો તે તે વસ્તુઓના માલેકો આપણી પાસેથી માગી તો લેઈ જશે જ. અને સાથે સાથે આપણી નાલાયકીની નોંધ મનમાં જરૂર કરી લેશે. અને ફરીવાર માગવાનો પ્રસંગ આવશે ત્યારે એ આપણને ચોખ્ખી ના સંભળાવી દેવાનો ! એ ધ્યાનમાં રાખી આપણે સાવચેત રહીએ તો કેવું સારૂ ?

આપણે અનંત વસ્તુઓ ભેગી કરી પોતાને સમૃદ્ધ કરવા પ્રયત્ન કરીએ છીએ. પણ એ વસ્તુઓ બધી આપણી નથી એ આપણે ભૂલી જઇએ છીએ આપણી સાચી માલેકી એ વસ્તુઓ ઉપર હોય તો તે આપણી પાસેથી દૂર શી રીતે થઇ શકે ? આપણી જે વસ્તુ ઉપર માલેકી હોય તે હમેશ આપણી સાથે જ રહેવી જોઇએ. જેમ આપણી બુદ્ધિ અને જ્ઞાન આપણને પરલોકમાં પણ સાથ આપે છે. આપણા સુકૃત્યો અને દુષ્કૃત્યો અગર પાપ અને પુણ્ય જે આપણા આત્મા સાથે એકરૂપ થઇ ગએલા હોય છે, તે આપણે જ્યાં જઇએ ત્યાં આપણો સાથ કરે છે. એ તો આપણું ભલું કે ભુંડું કરીને જ આપણો સાથ છોડશે. બીજી બધી વસ્તુઓ આપણી નજર સામે આપણી પાસેથી ખસી જતા વાર લાગશે નહીં. ત્યારે આવી પારકી વસ્તુઓથી આપણે સમૃદ્ધ અને પૂર્ણ થઈ જઇએ છીએ, એ તદ્દન ભ્રમણા નહીં તો બીજુ શું હોઈ શકે ? પારકી જડ વસ્તુઓ આપણને હમેશને માટે સાથ નહીં આપે એ સ્પષ્ટ છે ઉલટુ કોઇનું દેવુ કરી આપણે ધન ભેગું કર્યું હોય અગર તે ઉડાવી દીધું હોય તેથી કાંઈ આપણે છુટા થઈ જતા નથી. એની ઉઘરાણી તો થવાની જ હોય છે. ભલે આ ભવમાં નહીં તો છેવટ ભવાંતરમાં તે આપવું જ પડશે. એ ભૂલી શકાય નહીં. મતલબ કે, કોઇ પણ જડ વસ્તુ આપણી થઈ નથી અને થવાની પણ નથી. માટે તેનો મોહ રાખી એ આપણી છે એમ માનવું અને તેથી ખુશી થવું એ એક જાતની ઘેલછા છે. જે પત્ની, પુત્રપરિવાર અને આપણા નજીકના વહાલા સગા પણ જ્યારે આપણા છે એમ જણાવા છતાં આપણા થતા નથી ત્યારે ઘર, બંગલો, વાડી, માલ-મિલ્કત ધન એ આપણું છે અને એને લીધે આપણે પૂર્ણતા મેળવીએ છીએ એ કલ્પના કેટલી ખોટી અને ઠગારી છે, એનો આપણે જરૂર વિચાર કરવો જોઇએ. મારૂં મારૂં એ કલ્પના સાચી રીતે જોઇએ તો એક જાતનો રોગ છે. અને એ રોગ દરેક ક્ષણે વધતો જ રહે છે, એ રોગ દૂર કરવા માટે સામાન્ય વૈદ્યના કપાય કે માત્રા, ટિકડી કે ગોળી કામ લાગતી નથી. એ ભ્રમણાનો રોગ તો માનસિક છે. અને તેને માનસિક દવા જ કામ લાગવાની છે. આપણા મનને જ્યારે સાચી દિશા જણાશે ત્યારે જ તે રોગ નાબુદ થવાની કાંઇક આશા ઉત્પન્ન થશે બધી વસ્તુઓ અને માલ-મિલ્કત સાથે આપણે રહીએ છતાં એ બધાનો સાથ મને છોડવાનો છે. આ બધું મારૂં નથી પણ હું તેનો વિશ્વસ્ત કે ટ્રસ્ટી છું એ સતત નજર સામે રહેવું જોઇએ. આપણે રેલ્વેમાં પ્રવાસ કરતા હોઈએ ત્યાંની બધી સુખ-સગવડોનો આપણે ઉપભોગ લેતા હોઇએ છતાં આપણા મનમાં એ કલ્પના તો નિશ્ચિત-પણે હોય છે કે, આ રેલ્વે કાંઈ મારી નથી. આ તો અમુક વખત સુધી મેં ભાડે રાખી છે. મારો પ્રવાસ પૂરો થતાં એને છોડી જ દેવાની છે. કારણ એ મારી નથી. એવી વૃત્તિ જાગે તો એ રોગ મટી આપણે સાચા પૂર્ણ થવાના માર્ગે વળી શકીએ. અન્યથા નહીં પારકી ઉપાધીથી આપણને પૂર્ણતા શી રીતે મળે ? આપણા આત્માને સમૃદ્ધ કરવો હોય, તેને પૂર્ણતા મેળવી આપવી હોય તો આપણે હું અને મારૂં એ શબ્દો મૂકી તેને બદલે હું નહીં અને મારૂં નહીં એવી ત્યાગની ભાવના કેળવવી જોઇએ. જૈન શાસ્ત્રકાર કહે છે કે, પરિગ્રહ છોડવો તમને ન્યી ગમતો તો તેને કાંઈક મર્યાદા તો બાંધો ? એટલે તેનું પરિમાણ કે માપ તો જરૂર બાંધવુ જ જોઇએ. મર્યાદા મૂકવામાં આપણે પ્રયત્ન ન કરીએ તો પરિ-ગ્રહનો અંત ક્યારે પણ આવવાનો નથી. અને એ ઠગારી પૂર્ણતા અગ્નિની પેઠે ઓછી થવાને બદલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધુ પ્રજ્વલિત થવાની. એમાં શંકા નથી, અર્થાત્ આપણે પારકી વસ્તુનો પરિગ્રહ વધારવાથી આત્મા કોઈ દિવસ પૂર્ણ થવાનો નથી. ગમે તે સાધનથી તેને મર્યાદા તો પડવી જ જોઇએ. એ મર્યાદા બાંધવાનું કાર્ય તો આપણે જ સ્વેચ્છાપૂર્વક કરવાનું હોય. એમાં બીજાઓનું કાંઈ કામ ન હોય.

કોઈ એવી શંકા કરે કે ભલે આપણી પાસે જેટલી જડ વસ્તુઓ છે તે બધી આપણી પૂર્ણતા ન કરી શકે એ ઠીક. તેમ જ આપણે જેને પોતાના માનીએ તે બધા સગાંવહાલા અને પુત્રપરિવાર પણ આપણી પૂર્ણતા ન કરી આપે એ પણ માન્ય થઇ શકે તેમ છે. પણ આપણે જે શરીરમાં નિવાસ કરી રહ્યા છીએ તે શરીર અને તેમાં જોડાએલી ઇંદ્રિઓ અને મન બુદ્ધિ એ તો આપણી પોતાની જ વસ્તુઓ છે ને ? એ આપણી પૂર્ણતા નહીં કરી આપે ? આપણું શરીર તો આપણી હંમેશ સોબત કરે છે ત્યારે તેની ઉપર તો આપણી માલેકી ખરી કે નહીં ? શરીર આપણું છે એમ ભલે આપણે માનીએ પણ વાસ્તવિક જોતા જેમ ઘોડો, ગાડી કે, બીજા વાહનો હોય છે, અને આપણે તે સાધનોનો ઉપયોગ કરીએ છીએ. તેથી કાંઇ તે વાહન આપણને પૂર્ણતા લાવી શકતું નથી. એ વાહન તો સાધન છે. અને તેના સાધનથી આપણે આપણું સાધ્ય સિદ્ધ કરીએ છીએ. જેમ મુકામ ઉપર પહોંચી જવા પછી વાહન મુકી દેવું પડે છે, તેમ આપણા આ ભવનું કાર્ય પુરૂ થતાં એ શરીરરૂપી વાહન આપણે મૂકી દઇએ છીએ. અને બીજુ વાહન કે શરીર આગળ ગ્રહણ કરીએ છીએ એટલે શરીર એ આપણું જરૂરી પૂરતુ ગાડી, ઘોડા કે મોટર જેવું વાહન છે. એટલે આપણે એના સાધનથી આપણા આત્માની પૂર્ણતા મેળવી શકીએ છીએ. આપણે જો તેનો ઉપયોગ નહીં કરીએ અગર ઉંધી રીતે કરીએ તો જે વાહન આપણને સહાયકર્તા નિવડવુ જોઇએ, તે જ વાહન આપણા નાશને કારણભૂત થાય છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે શરીરથી પણ આપણે પૂર્ણતા મેળવી શકતા નથી. એ જ શરીરને પણ આપણે કાબુમાં નહીં રાખતા આમતેમ અથડાવા દઇએ અને તેમાં રહેલી ઇંદ્રિઓને ગમે તેવી છુટ આપીએ તો પરિણામે એ જ શરીર આપણું હિત કરવાને બદલે આપણો નાશ નોતરે છે. અને પોતે શરીર પણ રોગગ્રસ્ત થઇ નાશ પામે છે. માટે જ કહ્યું છે કે બાહ્ય ઉપાધી અને પરિવાર એ આપણો થતો નથી અને તેના એકલા સંગ્રહથી આપણું શ્રેય સધાતું નથી, તેમ આપણે પૂર્ણતા પણ મેળવી શકતા નથી.

જો સાચે જ આપણી અર્થાત્ આપણા આત્માની પૂર્ણતા આપણે મેળવવી હોય તો આપણે સ્વકીય અને પરકીયનો ભેદ હંમેશ નજર સામે રાખીને વધતા રહેવું જોઇએ. જ્યાં સુધી પારકી વસ્તુને જ પોતાની જાણી તેનો વિશ્વાસ કરતા રહીશું ત્યાંસુધી આપણે પૂર્ણતાથી દૂર ને દૂર જ રહેવાના, એ પુરૂ ધ્યાનમાં રાખવું જોઇએ. એ વસ્તુનો પરમાર્થ જાણી ઘણા સંત મહાત્માઓ બનતા સુધી નિરૂપાધિક જીવન વીતાવવા માટે બધી ઉપાધીઓ દૂર કરતા રહે છે. અને નિરાલંબન જીવન વીતાવવા પ્રયત્નશીલ રહે છે. એટલા માટે જ પરમતત્ત્વજ્ઞ ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી કહે છે કે,

पूर्णता या परोपाधेः सा याचितकमण्डनम् ।

એટલે માંગી લાવેલી પારકાની વસ્તુઓથી આપણે સમૃદ્ધ અગર પૂર્ણ થઈ શકતા નથી. પારકી આશા એ સદા નિરાશામાં જ પરિણમે છે. એ જાણી આપણું જીવન સ્વાવલંબી કરતા રહેવું જોઇએ.

ઈત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હરિભદ્રીય ષડ્દર્શન સમુચ્ચયના આદ્ય પદ્યનો પરામર્શ

લે. : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**નામસામ્ય**-જૈન ગ્રંથકારોએ પ્રાચીન સમયમાં આપણા દેશનાં-ભારતીય છ દર્શનોના નિરૂપણરૂપે જે કૃતિઓ રચી છે. તેમાં ત્રણનાં નામ 'ષડ્દર્શન સમુચ્ચય' છે: આ કૃતિઓ નીચે મુજબ છે:-

(૧) **ષડ્દર્શન સમુચ્ચય**—આ ૮૭ પદ્યમાં સંસ્કૃતમાં રચાએલી કૃતિના પ્રણેતા 'સમભાવભાવી' હરિભદ્રસૂરિ છે.

(૨) **ષડ્દર્શન સમુચ્ચય**-આ ૧૮૦ પદ્યમાં સંસ્કૃતમાં રચાયેલી કૃતિ છે. એના કર્તા 'મલધારી' ગચ્છના **રાજશેખરસૂરિ** છે. આના ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા છે અને એ તો અપ્રસિદ્ધ છે.

(૩) **ષડ્દર્શન સમુચ્ચય** યાને **ષડ્દર્શન નિર્ણય**-આ **મહેન્દ્રપ્રભસૂરિના** શિષ્ય મેરૂતુંગે રચેલી સંસ્કૃત કૃતિ છે. આ વિ. સં. ૧૪૪૯ જેટલી તો પ્રાચીન છે જ.

**લઘુષડ્દર્શન સમુચ્ચય** નામની પણ એક કૃતિ છે અને તે છપાયેલી છે.

**વિવરણો**-હરિભદ્રીય **ષડ્દર્શન સમુચ્ચય** ઉપર વિવિધ વિવરણો સંસ્કૃતમાં રચાયાં છે. તેમાં વિ. સં. ૧૨૯૫માં રચાયેલી અવચૂરિ સૌથી પ્રાચીન જણાય છે. એ કોઈ સ્થળેથી પ્રકાશિત કરાયાનું જાણવામાં નથી. તો તેમ થવું ઘટે. પ્રસ્તુત **ષડ્દર્શન સમુચ્ચય** ઉપર **વિદ્યાતિલકે** કિંવા સોમતિલકસૂરિએ વિ. સં. ૧૩૯૨માં ૧૨૫૨ શ્લોક જેવડી ટીકા યાને વિવૃત્તિ રચી છે અને એ પ્રકાશિત છે

ગુણરત્નસૂરિએ વિ. સં. ૧૪૬૦ની આસપાસમાં **તર્કરહસ્ય દીપિકા** નામની વિસ્તૃત ટીકા રચી છે. આ ટીકા આજે મળતી હોય એમ જણાતું નથી. એથી એ તેમ જ આ ટીકાનુ [1]મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ મૂળના ભાષાંતરની સાથે સાથે જે આનું પણ ગુજરાતી ભાષાંતર કર્યું છે અને જે અનુપલબ્ધ છે તે ફરીથી પ્રસિદ્ધ કરાવાં જોઇએ. **તર્કરહસ્ય દીપિકા**માં આવતાં અવતરણો પરિશિષ્ટરૂપે અપાશે અને એનાં મૂળ દર્શાવાશે તેમ જ આ ટીકાગત વિશેષતાઓની સૂચી અને એ પૈકી કેટલાંકનો પરિચય રજૂ કરાશે તો એનું નવીન સંસ્કરણ વિશેષ ઉપયોગી બનશે અને એ દીપી ઊઠશે. અંતમાં છ દર્શનોને લગતી જૈન ગ્રંથકારોની મૂળ કૃતિઓ અપાશે તો આ કાર્યનું મહત્ત્વ ઘણું વધી જશે.

**આદ્ય પદ્ય**-હરિભદ્રીય **ષડ્દર્શન સમુચ્ચયનું** આદ્ય પદ્ય નીચે મુજબ છે:—

"सद्दर्शनं जिनं नत्वा वीरं स्याद्वाददेशकम् ।
सर्वदर्शनवाच्योऽर्थः सङ्क्षेपेण निगद्यते ॥१॥"

**અર્થ**-સદ્દર્શન અને સ્યાદ્વાદના ઉપદેશક એવા જિન **વીરને** નમન કરીને સર્વ દર્શનોને અંગે કહેવા લાયક અર્થ યાને અભિધેય સંક્ષેપથી (મારા વડે) કહેવાય છે.

**'સદ્દર્શન' એટલે ?**-'સદ્દર્શન' એ જિનનું વિશેષણ ગણાય તેમ વીરનું પણ ગણી શકાય. એનાં **ત. ર. દી.**માં નીચે પ્રમાણે વિવિધ અર્થો અપાયા છે:-

[1]'સત્' એટલે સદા વિદ્યમાન. અથવા છાદ્મસ્થિક જ્ઞાનની અપેક્ષાએ પ્રશસ્ત. 'દર્શન' એટલે ઉપલબ્ધિ યાને જ્ઞાન. આ જ્ઞાનથી કેવલજ્ઞાન સમજવું.

'સત્' એટલે પ્રશસ્ત અને 'દર્શન' એટલે કેવલદર્શન.

'સત્, એટલે સકળ મનુષ્ય, અસુરેન્દ્રો અને દેવેન્દ્રો એ વડે પૂજાયેલ. 'દર્શન' એટલે જૈન દર્શન—જૈન સિદ્ધાન્ત.

---

૧ એઓ ઈ. સ. ૧૮૫૮માં જન્મ્યા હતા અને ઈ. સ. ૧૮૯૮માં એમનું અવસાન થયું હતું. એમના 'જૈન અર્પણ' વિષે મેં "પ્રા મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને જૈન સાહિત્ય" નામના લેખમાં નોંધ લીધી છે.

૧ 'સત્' શબ્દના વિદ્યમાન, સત્ય, પ્રશસ્ત અને સાધુ એમ વિવિધ અર્થો **અનેકાર્થનામમાલા**માં અપાયા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સત્' એટલે સત્ય. અને 'દર્શન' એટલે મત. આ ઉપરથી 'સદ્દર્શન'ના વિવિધ અર્થો નીચે મુજબ રજૂ કરાયઃ—

(૧) સદા વિદ્યમાન એવા કેવલજ્ઞાનથી યુક્ત, (૨) પ્રશસ્ત કેવળજ્ઞાનથી યુક્ત, (૩) પ્રશસ્ત કેવલ-દર્શનથી યુક્ત, (૪) સકળ મનુષ્યાદિ વડે પૂજાયેલા સિદ્ધાન્તવાળા અને (૫) સત્ય મતવાળા.

આ ઉપરાંતના અર્થ નીચે મુજબ છેઃ—

'સત્' એટલે સત્પુરુષો—સાધુઓ—મધ્યસ્થ ચિત્ત-વાળા જનો. 'દર્શન' એટલે જ્ઞાન જેનાથી સત્પુરુષોને સત્યાસત્યનું જ્ઞાન થાય તે 'સદ્દર્શન'. 'સત્' એટલે 'સાધુ'. જેનાથી સાધુઓને તત્ત્વાર્થશ્રદ્ધાદિ-રૂપ દર્શન—જ્ઞાન થાય છે તે 'સદ્દર્શન'. સત્ એટલે વિદ્યમાન એવા જીવાદિ નવ તત્ત્વોનું જેમાંથી દર્શન યાને અવલોકન થાય તે સદ્દર્શન.

**જિન**—રાગ, દ્વેષ વગેરે શત્રુઓને જીતે તે 'જિન'.

'જિન' હોવાથી સ્યાદ્વાદદેશક અને સ્યાદ્વાદદેશક હોવાથી સદ્દર્શન.

**'વીર'** આના બે અર્થ થાય છેઃ (૧) મહા-વીરસ્વામી અને (૨) સુભટ—શૂરવીર.

**"અવીરં"**—"नत्वा वीरं" ને બદલે "नत्वाऽवीरं" વિચારતી વેળા 'અવીરં'નો અર્થ નીચે મુજબ કરાય છેઃ—

આ=સ્વયંભૂ, અ=કૃષ્ણ અને ઉ=ઈશ્વર. આ+અ+ઉ=ઓ. ઓ+ઈર=" અવીરં". **સ્વયંભૂ** યાને **બ્રહ્મા, કૃષ્ણ** અને **ઈશ્વર** યાને **મહાદેવના** મતનું ખંડન કરી તેમને પરાસ્ત કરનાર તે 'અવીર'. 'અવીરં'ને 'જિનં'નું વિશેષણ ગણવાનું છે.

**સ્યાદ્વાદદેશક**—આના બે અર્થ છેઃ સ્યાદ્વાદ યાને અનેકાન્તવાદના ઉપદેશક એ એક અર્થ છે. બીજો નીચે પ્રમાણે સમજવાનો છેઃ—

સ્યાદ્વાદદેશક=સ્યાદ્વાદદ+ઈ+શક. 'સ્યાદ્વાદદ' એટલે સ્યાદ્વાદને છેદનાર અર્થાત્ અસદ્, વિરોધી ઇત્યાદિ દોષોના ઘોષ વડે સ્યાદ્વાદને છેદનાર. 'ઈ' એટલે લક્ષ્મી અને 'શ' એ તોડનાર. સ્યાદ્વાદને છેદનારની લક્ષ્મીને એટલે કે એના મહિમાનો નાશ કરનાર અર્થાત્ વિરોધીઓના વાદોનું ખંડન કરનાર એમ 'સ્યાદ્વાદદેશક'નો બીજો અર્થ થયો. આ 'જિન'નું વિશેષણ છે.

**'સર્વ'**—સર્વ દર્શનથી તો અનંત દર્શનો ગણાય. આથી મૂળભેદને લક્ષીને દર્શનોની સંખ્યા સમજવી. દેવતા અને તત્ત્વની બાબતમાં મૌલિક ભેદ હોય એવાં દર્શનો છ જ છેઃ (૧) બૌદ્ધ, (૨) નૈયાયિક, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) વૈશેષિક અને (૬) જૈમિનીય (જુઓ શ્લોક ૨). નૈયાયિક અને વૈશેષિકને એક ગણનારને લક્ષીને 'ચાર્વાક' દર્શનનો નિર્દેશ હરિભદ્ર-સૂરિએ કર્યો છે. [1]છ દર્શનોના ક્રમની સકારણતા વિચારવી બાકી રહે છે.

**ચાર અતિશયો**—સર્વદર્શી અને સર્વજ્ઞ એ અર્થસૂચક 'સદ્દર્શન' વિશેષણથી મહાવીરસ્વામીનો જ્ઞાનાતિશય, મનુષ્યાદિથી પૂજિત એ અર્થવાળા 'સદ્દર્શન'થી ત્રૈલોક્યપૂજ્યતારૂપ પૂજાતિશય, રાગ અને દ્વેષને જીતે તે 'જિન' એ અર્થવાળા 'જિન'થી અપાયાપગમાતિશય, અને 'સ્યાદ્વાદના ઉપદેશક'થી વચનાતિશય એમ ચારે અતિશયો અત્ર દર્શાવાયા છે.

આ ચારનો 'હેતુ હેતુમદ્ભાવ' નીચે મુજબ છે સમસ્ત દોષરૂપ શત્રુઓના વિજેતા હોવાથી 'સર્વજ્ઞ' છે; સર્વજ્ઞ હોવાથી 'સદ્ભૂતાર્થવાદી' છે; અને સદ્ભૂતાર્થવાદી છે વાસ્તે ત્રૈલોક્યપૂજ્ય છે.

**અનુબંધ**—સામાન્ય રીતે અનુબંધ ચાર ગણા-વાય છેઃ (૧) અભિધેય યાને વિષય, (૨) સંબંધ, (૩) પ્રયોજન અને (૪) અધિકારી. આ ચાર

( અનુસંધાન પેજ ૩૪ ઉપર )

[1] ઉત્તરમીમાંસા યાને વેદાન્તનો ઉલ્લેખ **ષડ્દર્શન-સમુચ્ચયમાં** નથી પરંતુ એ **શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં** છે તેથી એ અહીં નથી એમ કહેવાય છે, પરંતુ પૂર્વ-મીમાંસા અને ઉત્તરમીમાંસામાં મૌલિક ભેદ નથી એમ શા આધારે કહી શકાય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समाचारी अध्ययन के दीपिका नामक अज्ञात बालावबोधमय टीका

—ले० श्री अगरचंद नाहटा

जैन मुनियों का जीवन बड़ा संयमी रहा है। उनकी आवश्यकतायें बहुत ही थोड़ी होती हैं और उनकी पूर्ति श्रावक-समाज द्वारा सहज ही में होती रही है। इस लिये उन्हें ज्ञान-ध्यान के लिये काफी समय मिल जाता है और इसका उपयोग भी उन्होंने बहुत अच्छे रूप में किया। इसीके फल स्वरूप उनके लिखित एवं रचित ग्रन्थों की संख्या लाखों पर पहुंचती है। यद्यपि भगवान महावीर के करीब १ हजार वर्ष तक तो प्रतियों के लिखने का विशेष रिवाज ही नहीं था और उसके बाद भी सम्भवतः प्रतियां अधिक परिमाण में नहीं लिखी गई। और जो थोड़ी बहुत लिखी गई थी वे भी ऐसे ताड़पत्रों पर लिखी गई होंगी; जो अधिक टिकाऊ नहीं थे इस लिये १० वीं शताब्दी से पहले की एक भी प्रति नहीं मिलती। २१ वर्ष पहले जब मैं जैसलमेर भण्डार को अवलोकन करने गया था तो कुछ ताड-पत्रीय प्रतियों के टुटे हुये पत्र पड़े थे जिनके लिपि नागरीलिपि से कुछ पहले की लगती थी पर दूसरी बार जाने पर वे टुटे हुये पत्र देखने में नहीं आये।

अभी अभी प्राच्यविद्या प्रतिष्ठान, जोधपुर से डा० भण्डारकर की राजस्थान में संस्कृत साहित्य की खोज विषयक रिपोर्ट का हिन्दी अनुवाद प्रकाशित हुआ है उसके अनुसार भी

( પેજ ૩૩ થી શરૂ )

અનુબંધો પૈકી 'અભિધેય'નો પ્રસ્તુત પદ્યમાં સાક્ષાત્ ઉલ્લેખ છે, સંબંધ અને પ્રયોજન સામર્થ્યથી ઉપજાવી લેવાનાં છે. સર્વ દર્શનોને વિષે કહેવા લાયક વક્તવ્ય–દેવ અને તત્ત્વને લગતું નિરૂપણ એ ઉપેયા છે અને આ **ષડ્દર્શનસમુચ્ચય** એનો 'ઉપાય' છે. આમ અહીં 'ઉપાયોપેય'રૂપ સંબંધ જાણવો.

પ્રયોજનના, કર્તાની તેમજ શ્રોતાની અપેક્ષાએ પણ બે પ્રકાર છે. (૧) અનંતર, અને (૨) પારંપરિક. કર્તાનું અનંતર પ્રયોજન જીવો ઉપર ઉપકાર છે જ્યારે શ્રોતાનું સર્વ દર્શનોને અભિમત દેવ, તત્ત્વ, પ્રમાણ ઈત્યાદિનું જ્ઞાન છે. કર્તાનું તેમજ શ્રોતાનું પારંપરિક પ્રયોજન એક જ છે અને તે એ છે કે હેય અને ઉપાદેય દર્શનો જાણીને હેય દર્શનોનો ત્યાગ કરીને અને ઉપાદેય દર્શનોનો સ્વીકાર કરીને પરંપરાએ અનંતચતુષ્ટયરૂપ સિદ્ધિ–મુક્તિની પ્રાપ્તિ છે.

**ત્રણ મંગળ–વીર**ને મનથી એમના અતિશયો ચિંતવીને, વચનથી એ અતિશયોના ઉચ્ચારવડે અને કાયાથી ભૂમિએ મસ્તક લગાડીને નમન કરવાથી એમ જે આદ્ય પદ્યમાં કહ્યું છે તે 'આદિમ મંગળ' છે. "जिनेन्द्रो देवता तत्र रागद्वेषविवर्जितः" શરૂ થતું ૪૫ મું પદ્ય એ 'મધ્યમ મંગળ' છે. એ દ્વારા જિનમતની પ્રશસ્તતા દર્શાવાય છે. 'અંત્ય મંગળ' ૮૭ મા-અંતિમ પદ્યના ઉત્તરાર્ધમાંના એટલે કે અભિધેય તાત્પર્યાર્થની સુબુદ્ધિવાળાએ પર્યાલોચના કરવી' એ વચનમાંના 'સુબુદ્ધિ' શબ્દવડે સંધાયેલું ગણવું.

**બૌદ્ધમતનું નિરસન**–'નત્વા' એ સંબંધક ભૂતકૃદંત છે. એનો સંબંધ 'નિગદ્યતે' સાથે છે, આમ બે ભિન્નકાલીનોનો એક જ કર્તા દર્શાવી બૌદ્ધોના ક્ષણિકવાદનું નિરસન કરાયું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जेसलमेर के बड़े भण्डार में जब वे गये थे बहुतसी पुरानी प्रतियों के त्रुटित पत्र पड़े थे। सम्भव है कुछ तो उन त्रुटित पत्रों को बेकार समझकर जल-शरण कर दिया हो, कुछ लोग उठाकर ले गये हों इस तरह हमारे प्राचीन साहित्य का बहुत बड़ा विनाश हमारी अज्ञानता और असावधानी के कारण हुआ है।

आज भी फुटकर पत्र और खंडित व अपूर्ण प्रतियों को लोग बेकार समझकर उन्हें जहां तहां डाल देते हैं। साधारण व्यक्तियों की तो क्या कहें बड़े बड़े विद्वान् मुनिराज भी ऐसी सामग्री को व्यर्थ का कचरा समझकर ज्ञान-भण्डारों की सूची बनाते समय उन्हें यों ही छोड़ देते हैं। जब कि बहुत बार उनमें बहुत ही काम की और अज्ञात सामग्री प्राप्त होती है। हमने गत् ३५ वर्षों में ऐसी उपेक्षित सामग्री में से बहुत सी महत्त्वपूर्ण प्रतियां प्राप्त की हैं। अभी अभी अजमेर से साध्वीजीने मुझे ऐसे ही खन्तड़ का एक बन्डल भेजा जिनमें से एक अज्ञात ग्रन्थ का परिचय यहां प्रकाशित किया जा रहा है।

उत्तराध्ययन और कल्पसूत्र इन २ आगमों की जितनी संस्कृत व भाषा टीकायें मिलती हैं उतनी और किसी आगम की नहीं मिलती जिस अज्ञात ग्रन्थ का परिचय यहां दिया जा रहा है वह उत्तराध्ययन के २६ वें सामाचारी अध्ययन का बालावबोध है। इस व्याख्या का नाम आचारदीपिका रखा गया है और इसे दिन कृत्य प्रकाश और रात्रि कृत्य प्रकाश इन दो भागों में विभक्त किया गया है। सामाचारी अध्ययन के ३५ गाथा तक का विवरण प्रथम प्रकाश में और उसके बाद का द्वितीय प्रकाश में है। प्रशस्ति के अनुसार संवत् १५४५ जैत्रपुर देवसिंह बस्ती में संघपति गुणराज पुत्र सं काल्हू के लिये यह बालावबोध व्याख्या जिननंदीगणी के शिष्यने बनाई थी। १९ पत्रों की तत्कालीन लिखी प्रति अभी हमारे संग्रह में है।

आदि अन्त इस प्रकार है—

आदि—सामाचारी प्रदं वीरं सामाचारी धरं गुरुं।<br>
अन्त—सामाचारी विदं देवी वंदे सद्बुद्धि हेतवे ॥ १ ॥

इति श्रीउदयनन्दिसूरिशिष्य पं. रत्ननन्दिगणि पं. जिननन्दिगणि शिष्यवृतायां। सं. गुणराज-सुत सं. काल्हू कारितायां २६ मोत्तराध्ययनस्याचारदिपिका नाम वार्त्तामयव्याख्यायां रात्रिकृत्य-प्रकाशयो द्वितीयः प्रकाशः ॥

सूरीन्द्रोदयनन्दिवाचकपदप्रासादपुण्यक्रिया-<br>
चारि श्रीगुणराजसङ्घपतिम् काल्हूकृताभ्यर्थनः।<br>
आचारादिमदीपिकां व्यरचयद् व्याख्यां सुवार्त्तामयी<br>
षड्विंशाध्ययनस्य इन्द्रविजयो वर्षेऽसवेदात्तिर्थौ ( १५४५ ) ॥ १ ॥

( અનુસંધાન પેજ ૩૬ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન દર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી, એસ.

આમ વિવિધ પ્રકારે ' દર્શન ' શબ્દના અર્થમાં કોઇ પણ પ્રકારનું આ ભગવદ્દર્શન દુર્લભ થઈ પડ્યું છે, તે અંગે તીવ્ર અંતર્ખેદ વ્યક્ત કરી **ભાવિતાત્મા આનંદઘનજી** હવે ઉપસંહાર કરે છે–

દરિશન દરિશન જો રટતો ફરૂં,
તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની,
કિમ ભાંજે વિષ પાન ?........
અભિનંદન જિન દરિશન તરસિયે. ૫

**અર્થ:**–હું જો ' દર્શન દર્શન ' એમ રટતો ફરૂં તો રણમાં રોઝ સમાન થઈ પડું; જેને અમૃત-પાનની પિપાસા ( પીવાની ઇચ્છા ) છે, તો તેની તે પિપાસાને–પાનેચ્છાને વિષપાન કેમ ભાંજે–કેમ ભાંગે ?

## વિવેચન

### સર્વપ્રકારે દેવદુર્લભ જિનદર્શનની દુર્લભતા

આમ હે ભગવાન્ ! વિવિધ અર્થમાં ત્હારૂં દેવદુર્લભ દર્શન દુર્લભ થઈ પડ્યું છે. મત મતભેદે જો જઇને પૂછિયે તો સર્વ કોઈ અહમેવ સ્થાપે છે, એટલે ત્યાં ત્હારા દર્શનની દુર્લભતા થઇ પડી છે. સામાન્યથી જો જોઇએ તો પણ ત્હારૂં સામાન્ય-દર્શન પણ દુર્લભ છે, અને સકલ નિર્ણયરૂપ વિશેષ દર્શન તો ઓર દુર્લભ છે; ' હેતુવિવાદે હો જો ચિત્ત ધરિ જોઇયે ' તો નયવાદ અતિ દુર્ગમ છે, અને આગમવાદમાં કોઈ ગુરુગમ નથી, એટલે તેની દુર્લભતા છે; અને ત્હારૂં જે પરમાત્મદર્શન તેની આડે ' ઘાતિ ડુંગર આડા અતિ ઘણા ' છે, અને સાથે કોઇ ' સેંગૂ '–સહગામી–સહચર નથી, એટલે તેની પણ પરમ દુર્લભતા થઈ પડી છે. એટલે આમ

---

( પેજ ૩૫ થી શરૂ )

श्रीमज्जैत्रपुरे पुरन्दरपुरस्यर्द्धीय लक्ष्मीभरे
श्रद्धालूत्तमदेवसिंहवसतो प्रारभ्य तत्रैव ताम् ।
पूर्वाचार्यवृतावचूरिवचनान्यालंब्य सिद्धिं तां लौ
भाद्रे मासि गुरोः प्रसादथलया वारेऽसुराणां गुरौ ॥ २ ॥
पूज्यसमयमाणिक्य दृष्टिंगंगा पतानले ।
इयं व्याख्या वधू: स्नाता निष्णातानां नृणां मुदे ॥ ३ ॥

प्रथम प्रकाश के अन्त में:—इति श्री षट्विंशतिनमात्राध्ययनस्य संघपति गुणराज सुत सं काल्ह कारितायां आचारदीपिका नाम्न्यां वार्त्तमिय व्याख्यायां दिन कृत्य प्रकाशक: प्रथम प्रकाश: ॥

वालावबोध की भाषा:—श्री महावीर कहइ–हे गौतम तूं सावधान थइ सांभलि। हूं साधुनि सामाचारी बोलूं पण किसी छइ सामाचारी सगलांई संसार ना दुख थिकु मुकावणहारी समस्त संसार ना कष्टवइ छोडवइ इस्यो भाव।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વ પ્રકારે સર્વથા ત્હારા દેવદુર્લભ દર્શનની દુર્લભતા છે, ત્યારે મ્હારે હવે શું કરવું એની વિમાસણ મને થઈ પડી છે.

**'દર્શન! દર્શન!' રટું તો રણરોઝ જેવી સ્થિતિ**

દર્શન ! દર્શન ! એમ જો હું રટતો ફરૂં-રટણ કરતો ફર્યા કરૂં. તો હું રણ રોઝ સમાન થઇ પડું. જ્યાં સેંકડો ગાઉમાં પાણીનું દર્શન દુર્લભ છે એવા મરુભૂમિના કે બીજા કોઇ રણમાં રઝળતું રોઝ પાણી ! પાણી ! પોકાર્યા કરે ને પાણી ક્યાંય મળે નહિં, માત્ર મૃગજલ જ-ઝાંઝવાના પાણી જ દેખાય, ને તે પીવાની દુરાશાથી તે પૂરપાટ દોડ્યા કરે, પણ તે પાણી તો હાથતાલી દઇ આઘું ને આઘું ભાગતું જ જાય. તેમ હું પણ જ્યાં પરમાર્થ જલનું દર્શન દુર્લભ છે એવા શુષ્ક પ્રાયઃ મરુભૂમિ જેવા આ ક્ષેત્રમાં આ કલિકાળરૂપ ગ્રીષ્મમાં આ સંસારમાં ભમતાં ભમતાં આવી પડેલો દર્શન! દર્શન! પોકાર્યા કરૂં છું, તો સાચા 'પાણી'વાળું ત્હારૂં દર્શન તો ક્યાંય દેખાતું નથી, નિશ્ચયાભાસરૂપે કે વ્યવહારાભાસરૂપે કે ઉભયાભાસરૂપે ત્હારા નામે ચાલતા માત્ર દર્શનાભાસરૂપ મૃગજલ જ-ઝાંઝવાના પાણી જ દેખાય છે! ને તે દર્શનાભાસરૂપ મૃગજલની પાછળ જો હું દોડું તો રણરોઝ સમાન મ્હારી દશા થઇ પડે. દર્શનાભાસ-મૃગજલ તો કંઇ હાથમાં આવે નહિ, વિડંબના કરી દૂર ને દૂર ભાગતા જાય, ને મ્હારી દર્શન માટેની તૃષા ઉલટી ઓર વધતી જાય.

**અમૃત પાનેચ્છાને વિષપાન કેમ ભાંજે?**

હવે જો કોઈ એમ કહે અહો! આનંદઘન! આ દર્શનાભાસ ભલે રહ્યા, પણ તેમાંથી કાંઈ તૃષા છીપશે, તો હું તે વાત માનું નહિ. કારણ કે જેને અમૃતપાનની 'પિપાસા'-તૃષા છે, અમૃત પાન કરવાની ઇચ્છા છે, તે અમૃતપાનની પિપાસાને વિષપાન કેમ ભાંગી શકે? ઉલટું એ તૃષા ઓર વધતી જાય. આ મત મતના આગ્રહરૂપ કે તર્કવાદના અખાડારૂપ કે તેવા તેવા અન્ય પ્રકારરૂપ જે દર્શનાભાસો છે તે તો સાક્ષાત્ વિષપાન છે, તેના વિષથી આત્મા મતાગ્રહની મૂર્ચ્છાથી મૂર્ચ્છિત બની જાય છે, માટે એવું વિષપાન મ્હારે ન જોઇએ. મારે તો ત્હારા સાક્ષાત્ અમૃતપાનરૂપ દર્શનની જ પિપાસા છે અને એટલે જ હું ફરી ફરી પોકારૂં છું કે 'અભિનંદન જિન દરિશન તરસિયે. (અપૂર્ણ)

---

**સુધારો (Correction)**

ગત નવેમ્બરના અંકમાં આ લેખની સાતમી પંક્તિમાં 'ભૂલી'ને બદલે 'ભણી' જોઇએ.

---

(ટાઇટલ પેજ ૪થી શરૂ)

**૫. પ્રવચન-પીયૂષ:**—પ્રવચનકાર મહાસતીજી શ્રી લીલાવતીબાઇ સ્વામી, સં. ૨૦૧૯, પ્રકાશક શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈનસંઘ, અમદાવાદ. મૂલ્ય રૂા. ૨.

આ ગ્રંથમાં મહાસતીજીએ સંવત ૨૦૧૩ ના ચાર્તુમાસમાં અમદાવાદમાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. પોતાના વ્યાખ્યાનો મારફત મહાસતીજીએ જૈન તત્ત્વજ્ઞાનની સુંદર છણાવટ કરેલ છે. આ ગ્રંથ શાહ વલ્લભદાસ ફુલચંદભાઈ તરફથી સભાને ભેટ મળેલ છે.

**६. प्रकीर्ण-धर्मोपदेश:**-कर्ता आचार्य श्री सुन्दरसूरीश्वरजी, प्रकाशक:-शेठ चिनुभाइ त्रिकमलाल शराफ-अहमदाबाद. साधु, साध्वी तथा ज्ञानभंडारोने भेट तरीके आपवामां आवशे ।

**७. श्री रूपसेन चरित्रम्:**-कर्ता श्री जियसूरगणि, प्रकाशक शेठ हीरालाल भोगीलाल अमदावाद. मूल्य पठन-पाठन ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# समालोचना

१. **श्री महावीर वचनामृतः**–सम्पादक और विवेचक पं० धीरजलाल शाह 'शता-वधानी.' अनुवादक पं० रुद्रदेव त्रिपाठी, एम. ए. साहित्य–सांख्य–योगाचार्य. जैनसाहित्य–प्रकाशन–मन्दिर : लवाभाइ गुणवंत बील्डींग, चींचबंदर, बम्बई–९ मूल्य: ६ रुपये

'श्रीवीर–वचनामृत' जो गुजराती में छपा है, ऊसका हींदी अनुवाद पाठकों के लिअे पेश कीया जा रहा है। प्रस्तुत हिन्दी संस्करण में भगवान महावीर के १००८ वचनों का संग्रह ४० धाराओं में सुव्यवस्थित ढंगसे उपस्थित किया गया है। ग्रन्थ के अग्रिम भागमें भगवान महावीर की तिरंगी तस्वीर, तीन विद्वानों के प्राक्कथन और विस्तृत प्रस्तावना एवं भगवान महावीर के जीवन की ऐतिहासिक रेखा भी दी गई है।

२. **श्री तत्त्वतरंगिणी ग्रंथरत्ननो अद्वितीय–अक्षरशः**—सुविशुद्ध अनुवादकर्ता शासन-कंटकोद्धारक पूज्य गणिवर्य श्री हंससागरजी महाराज. प्रकाशक अने प्राप्तिस्थान श्री शासनकंटकोद्धारक ज्ञानमंदिर, ठी. भावनगर वाया तळाजा मु. ठळीया (सौराष्ट्र) किंमत रा. ८–५०

आ ग्रंथरत्नमां–पर्वतिथि कोने कहेवी, मानवी अने आराधवी? ओ बाबत सुंदर स्पष्टीकरण करवामां आवेल छे. मुमुक्षुओ आ अभूतपूर्व ग्रंथरत्नतुं सूक्ष्म दृष्टिओ अने मध्यस्थपणे वांचन–मनन अने परिशीलन करशे ओम आशा राखवामां आवे छे.

३. **श्री सौराष्ट्र तीर्थ संघयात्राः**—आ ग्रंथमां श्री जामनगरनिवासी संघपति श्रेष्ठिवर्य श्रीमान् पोपटलाल धारशीभाई तथा संघपति श्रेष्ठिवर्य श्रीमान् चुनीलाल लक्ष्मीचंद धारशीभाईओ श्री गिरनारजी महातीर्थ अने श्री शत्रुंजय गिरिराज वगेरे सौराष्ट्रना तीर्थोनी यात्रा निमित्ते संवत १९९५ मां काढेला छ''री'' पाळता महान संघनुं वर्णन आपेल छे. आ ग्रंथ श्री जैन आनंद ज्ञानमंदिर तरफथी भेट मळेल छे.

४. **स्वस्तिकः**—समाजनुं अभिनव घडतर करनारुं वार्षिक प्रकाशन. संवत २०१९. पृष्ठ पाना १७८, किंमत रा १–००. प्रकाशक धीरजलाल टोकरशी शाह, जैन साहित्य–प्रकाशन मंदिर, लवाभाइ गुणवंत बील्डींग, चींचबंदर, मुंबई ९.

आ अंकमां अंग्रेजी, हिंदी अने गुजराती भाषाना लेखो, काव्यो अने बीजी चिंतनीय सामग्री आपेल छे. शासन अने समाजना हितार्थे काम करती व्यक्तिओ अने संस्थाओनो परिचय पण आपेल छे.

(अनुसंधान जुओ टाइटल पेज ३ जुं)

प्रकाशक : दीपचंद जीवणलाल शाह, श्री जैन धर्म प्रसारक सभा–भावनगर
मुद्रक : गीरधरलाल फुलचंद शाह, साधना मुद्रणालय–भावनगर

For Private And Personal Use Only